પાણી-ગટર વેરાના બાકીદારોને તંત્રએ નોટીસ આપવાનું શરૂ કર્યું

જૂના માંગણા સંદર્ભે પણ બાકીદારોની સંખ્યા વિશેષ

ગાંધીનગર, તા.૯

શહેરમાં પાણી-ગટર વેરા વસુલાત ક્ષેત્રે બાકીદારોને હવે તંત્ર દ્વારા નોટીસ આપવાનું શરુ કરી દેવાયું છે. વર્ષો જૂના બાકી માંગણાની વસુલાત રીકવર કરવા પણ તંત્ર દ્વારા પ્રયાસો શરુ કરી દેવાયા છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ જૂના માંગણી સામે બાકીદારોની સંખ્યા વિશેષ છે.

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત માટે માર્ચ મહીનામાં તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત માર્ચ દરમિયાન પણ પેટા વસુલાત ઝુંબેશ અન્વયે તંત્ર કક્ષાએથી અંદાજિત ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી વેરો ઉઘરાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન વર્ષો જૂના બાકી માંગણા અન્વયે પણ રૂ. ૭ લાખ રીકવર કરવામાં આવ્યા હતા. જૂના સેકટરોમાંથી તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી વેરાની રકમ વસુલવા અગાઉ પણ તંત્ર દ્વારા પાવડો અને ત્રિકમ હાથમાં લઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. પરંતુ દર વર્ષની પેટા વસુલાતના અંતે પણ તંત્રના ચોપડે જુના બાકીદારોની યાદી મોટી છે. વેરા વસુલાત ઝુંબેશના અંતે તંત્ર દ્વારા જમા ઉધારની યાદી સાથે બાકીદારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. જયારે વેરા વસુલાત ક્ષેત્રે બાકી માંગણું વસુલવા તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવાની કાર્યવાહી પણ શરુ કરી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના સેકટરો સિવાય શહેરી વિસ્તારના ગામો તેમજ જીઆઈડીસી વિસ્તારમાં વેરો ભરપાઈ ન કરનાર જોડાણકર્તાઓની સંખ્યા વિશેષ છે.

એકદમ દેશી ફળ કહી શકાય તે કોઠા.. આ સ્વાદની મજા કંઈક ઓર જ છે. મરચુ-મીઠુ નાંખી કોઠા ખાવાનો એક લ્હાવો અનેરો છે. નવી પેઢી માટે કદાચ નવીન હોય પણ, કોઠાની ચટણી તો અદ્‌ભુત હોયછે. શાળા કોલેજ-બાગ બગીચાની બહાર સરળતાથી મળતુ આ ફળ વિશિષ્ટ છે. (તસવીર : કશ્યપ નીમાવત)

સેક્ટર-૨૨માં જૈન દેરાસર જતી મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

ગાંધીનગર, તા.૯

શહેરના સે. ૨૨ આનંદવાટીકામાં રહેતી મહીલા સાંજના અરસામાં જૈન દેરાસર જઈ રહી હતી ત્યારે સફેદ એક્ટીવા પર આવેલા બે ચેઈન સ્નેચરોએ બે તોલાનો દોરો મહિલાના ગળામાંથી ખેંચી લીધો હતો. દોરો ખેંચીને ભાગેલા બન્ને શખ્સોને પકડવા વસાહતીઓએ ઘ-પ સુધી પીછો કર્યો પરંતુ બન્ને હાથમાં આવ્યા ન હતા. સે. ૨૧ પોલીસે હજુ સુધી આ બનાવ અંગે ફરીયાદ આપવા છતાં ગુનો દાખલ કર્યો નથી.

સેક્ટર-૨૨ આનંદવાટીકા પ્લોટ નં. ૧૫૪ માં રહેતા વર્ષાબેન અરવિંદભાઈ શાહ ગઈકાલે સાંજના અરસામાં ચાલતા-ચાલતા જૈન દેરાસર ખાતે જઈ રહ્યા હતા તે દરમિયાન આનંદવાટીકાનાં એપ્રોચ રોડ પર સફેદ એક્ટીવા લઈને બે ચેઈન સ્નેચર શખ્સો તેમની પાસે આવ્યા અને ગળામાં હાથ મારીને આશરે બે તોલા વજનનો કિંમતી સોનાનો દોરો આંચકી લઈ ભાગ્યા હતા. વર્ષાબેને બુમાબુમ કરતાં આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા અને ચેઈન સ્નેચર્સના સફેદ એક્ટીવાનો છેક ઘ-પ સર્કલ સુધી પીછો કર્યો હતો. જો કે ચેઈન સ્નેચર્સ હાથમાં આવ્યા ન હતા. આ ચેઈન સ્નેચીંગ સંદર્ભે વર્ષાબેને સે. ૨૧ પોલીસનો સંપર્ક કર્યો પરંતુ હજુ સુધી ગુનો દાખલ થવા પામ્યો નથી.

ભારત વિકાસ પરિષદ શરદપૂર્ણિમા મનાવશે

ગાંધીનગર, તા. ૯

ભઆરત વિકાસ પરિષદ ગાંધીનગર દર વર્ષની જેમ આ વર્ષે પણ શરદપૂનમની ઉજવણી કરશે. તા. ૧૨ ઓક્ટોબરના રોજ સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે રાત્રે ૯.૦૦ વાગ્યે રાસ-ગરબાની રમઝટ બોલાવશે. પ્રથમ માતાજીની આરતી બાદ ખેલૈયાઓ ઢોલના તાલે ગરબે ગુમશે. ત્યારબાદ ચંદ્રમાંની શિતળ ચાંદનીમાં દૂધપૌઆ અને ભજીયાની લિજ્જત લેવાશે.

ખાનગી સંસ્થાના કર્મચારીઓ પેટા ચૂંટણીમાં મત આપી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ

ગાંધીનગર, તા. ૯

આગામી બારમીના રોજ ગુજરાત રાજ્યમાં પેટા ચૂંટણી યોજવામાં આવનાર છે. ગુમાસ્તા ધારા હેઠળના કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે તંત્રને વ્યવસ્થા કરવા માટે શ્રમ આયુક્ત કચેરીએ માંગ કરી છે.

ગુજરાત રાજ્યમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોની ખાલી પડેલી બેઠકો માટે પેટા ચૂંટણી યોજવામાં આવનાર છે. ચૂંટણી આગામી ૧૨ ઓક્ટોબર રવિવારના રોજ યોજવામાં આવશે. ત્યારે ગુમાસ્તા ધારા હેઠળના શ્રમયોગીઓ, કર્મચારીઓ મતદાન કરી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

રવિવારના દિવસે ઘણી ખરી ખાનગી સંસ્થાઓ અઠવાડિક રજા રાખતી નથી અને અન્ય દિવસે અઠવાડિક રજા આપે છે ત્યારે ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૧૮(૧)(બ)(ક) હેઠળ શ્રમયોગીઓ, કર્મચારીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે રજા આપવા માટે શ્રમઆયુક્ત કચેરી દ્વારા માંગ કરવામાં આવીછે. તેમજ કર્મચારીઓને ત્રણ કલાકની રજા આપવા જણાવ્યું છે.

વિશ્વ દૃષ્ટિ દિવસે જલારામ સેવા સમાજ, સેક્ટર-૨૯ અને તેજ આઈ સેન્ટર દ્વારા ડાયાબીટીશ અને આઈ ચેકઅપ કેમ્પનું આયોજન તારીખ ૯ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવાત)

મહારાષ્ટ્રના ચૂંટણી પ્રચારમાં આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ શનિવાર તા. ૧૧ ઓક્ટોબર અને રવિવાર તા. ૧૨ ઓક્ટોબરે મુંબઈ મહાનગર અને મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણીસભાઓ સંબોધશે.

શ્રીમતી આનંદીબહેન તા. ૧૧ ઓક્ટોબરે મહારાષ્ટ્રના કરજત, દહાણુ અને મુંબઈના ઉપનગર કાંદીવલી દહિસરમાં જાહેરસભાઓમાં ઉપસ્થિત રહી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓના પ્રચાર અભિયાનમાં જોડાશે.

તેઓ તા. ૧૨ ઓક્ટોબર રવિવારે મુંબઈના વિલેપાર્લે તેમજ મહારાષ્ટ્રના અકોલા, નાશિક અને નવાપુરમાં જનસભાઓને સંબોધવાના છે.

એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાં વધુ પાંચ નકલી નોટ જમા થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સહેરના સે. ૧૦માં સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (એસબીઆઈ)ની મુખ્ય શાખામાં વધુ પાંચ નકલી ચલણી નોટો જમા થઈ હોવાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. રૂ. ૧૦૦૦ ની કિંમતની ૩, રૂ. ૫૦૦ ની કિંમતની એક અને રૂ. ૫૦ ની કિંમતની એક મળીને અલગ-અલગ દરની વધુ પાંચ નકલી ચલણી નોટો જમા થઈ હોવાની ફરીયાદ કેશ ઓફીસર ચંદ્રવહન યુ. જાનીએ સે. ૭ પોલીસમથકે નોંધાવી છે જેની ગાંધીનગર એલસીબીની ટીમે તપાસ શરૂ કરી છે.

આનદનો ગરબો શનિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૯

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા જાગૃતિબેન હિરેનભાઈ કડીકર એચ-૧૦૧, સ્વામીનારાયણ પ્રેસીડેન્સી, સીટી પલ્સની નજીક રાંદેસણમાં તા. ૧૧મી ઓક્ટોબરના રોજ બપોરે ૨.૦૦ વાગે આનંદના ગરબા યોજાશે. અખબારી યાદીમાં પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

જય અંબે પરિવારની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

શ્રી જયઅંબે પરિવાર ગાંધીનગરની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં રજત જયંતિ વર્ષની ઉજવણીની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જગત જનની જગદંબા અંબાજીમાં બિરાજમાન છે. ત્યારે અખંડ જ્યોત લાવવાની તેમજ રજતજયંતિના કાર્યક્રમોની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ત્યારે પરિવાર દ્વારા રજત જયંતિ વર્ષ નિમિત્તે સહસ્ત્રચંડી મહાયાગ, સુંદરકાંડ, લોકડાયરો, રાસ-ગરબા, અન્નકૂટ, શોભાયાત્રા, મંત્રલેખન, આનંદનો ગરબો અને રક્તદાન શિબિરો યોજવામાં આવશે.

હાઈ સ્પીડે દોડતા વાહનોને અટકાવવા ટ્રાફીક પોલીસ નિરસ

સ્પીડોમીટર અને ઈન્ટરસેપ્ટર જેવા સાધનો શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી વધુ ઝડપે વાહન ચલાવવું ગુનો છે. તેમ છતાં ચોંકાવનારી બાબત તો એ છે કે ગાંધીનગરમાં વળાંકો પણ વાહનચાલકો ૪૦ થી વધુ ગતિએ વાળે છે. અને કોઈ જ કહેવા વાળુ કે રોકવા વાળુ નથી..! હાઈ સ્પીડે દોડતા વાહનોને લઈ શહેરમાં જીવલેણ અકસ્માતો ભયજનક રીતે વધી રહ્યા છે તો બીજી તરફ ટ્રાફીક પોલીસ પાસે ગતિમર્યાદા માટેના સ્પીડો મીટર, ઈન્ટર સેપ્ટર, સ્પીડ ગન સહીતના સાધનો ધુળ ખાઈ રહ્યા છે. ટ્રાફીક પોલીસને હાઈ સ્પીડે દોડતા વાહનોને અટકાવીને તેના ચાલકને દંડ કરવામાં જાણે કોઈ રસ જ ના હોય તેમ લાગી રહ્યું છે.

એક તરફ ટ્રાફીક પોલીસ દ્વારા અવાર-નવાર ટ્રાફીક ડ્રાઈવ રાખીને વાહન ચાલકો પાસેથી હેલ્મેટ, સીટબેલ્ટ તથા ડાર્ક ફિલ્મ અને ત્રણ સવારીના દંડ ફટકારી સઘન કાર્યવાહી કરવામાં આવે છે તો બીજી તરફ બેફામ ગતિએ જતાં વાહનોને અટકાવવામાં ટ્રાફિક પોલીસ સાવ નિરસ છે. ધુમ સ્પીડે બાઈકો ચલાવવા ઉપરાંત સ્ટંટબાજી પણ શહેરમાં વધી ગઈ છે. જેનો ભોગ નિર્દોષ નાગરીકોએ બનવું પડે છે. મોટા ભાગના માર્ગ અકસ્માતો પાછળનું કારણ ગતિ મર્યાદાનું ઉલ્લંઘન છે. જેને રોકવા ટ્રાફીક પોલીસને ઈન્ટરસેપ્ટર વાન, સ્પીડોમીટર, સ્પીડગન સહિતના સાધનો આપવામાં આવ્યા છે. પરંતુ આ સાધનો શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. આ સાધનોનો ઉપયોગ જ થતો ન હોવાથી ધુળ ખાઈ રહ્યા છે. આજે ચ-માર્ગ પર સે. ૧૧ પાસે સ્પોર્ટસ બાઈક અને ઝેન કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં પણ બાઈકની તેજ ગતિ જવાબદાર હોય તેમ પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

ચૌધરી કન્યા વિદ્યાલયની બે-બે કૃતિઓ ગણિત-વિજ્ઞાન મેળામાં પસંદગી પામી

ગાંધીનગર, તા.૯

એસ.વી.એસ. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ઉનાવાની શેઠ શ્રી સી.સી. શાહ વિદ્યામંદિર ખાતે યોજવામાં આવ્યું હતું. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની બે-બે કૃતિઓ પસંદગી પામી છે.

સેકટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા ઉનાવા ખાતે યોજાયેલ એસ.વી.એસ. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો હતો. જેમાં માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓએ ફીરે ડિકલર્સ, વિરુધ એન્ટી ઓકિસડન્ટ, વિજ્ઞાનની દૃષ્ટિએ પોષણ, વાય પી.એન.જી. ધ બેસ્ટ ફયુઅલ રજુ કરવામાં આવી હતી.

ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓએ થર્મલ, કવોન્ટમ પાર્ટીકલ થિયરી કૃતિ રજુ કરવામાં આવી હતી. બંને વિભાગમાંથી શાળાની બે બે કૃતિઓ પસંદગી પામી છે ત્યારે શાળાના આચાર્યા સંતોકબેન અને શાળા પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં શાળાના ધોરણ-૫ થી ૯ ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૬૫ જેટલા અલગ-અલગ પ્રોજેક્ટ રજુ કર્યા હતા. મલ્ટી સ્ટોરેજ પેકીંગ, ધ ફાયર પ્રુફ બલુન જેવા પ્રોજેક્ટ અને ચાર્ટ મુકવામાં આવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે સુરક્ષા સેતુ સંબંધી એક કાર્યક્રમ યોજાયો હતો. સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનાં મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર કે. મીની જોસેફ દ્વારા વિદ્યાર્થીઓને રોજીંદા વ્યવહારમાં કેવી રીતે સુરક્ષિત રહી શકાય તેમજ આધુનીક ઉપકરણોના યોગ્ય વપરાશ અને ટ્રાફિક નિયમન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. જેનો સંતોષકારક રીતે સમજણ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા કાર્યક્રમની પ્રસ્તાવના અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪

સૂર્યાસ્ત : ૬.૧૮

તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૫૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

હેદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હેદર : ૧૧.૦૦

૩ એ.એમ. : ૨.૩૦

ખૂબસૂરત : ૪.૪૫

ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બેંગ બેંગ : ૧૦.૦૦

હેદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

તમંચે : ૧૦.૧૫, ૭.૧૫

જીગરીયા : ૧.૧૫, ૧૦.૧૫

હેદર : ૪.૧૫

સ્ક્રીન-૩ :

એક્કીસ તોંપો કી સલામી : ૧૦.૦૦, ૪.૦૦

સ્પાર્ક : ૧.૦૦, ૭.૦૦

હેદર : ૧૦.૦૦

આપની આજ

મેષ : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક-વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર-વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. લાલાજી હમીરજી બિહોલા (ઉ.વ.૮૨) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જોઈતીબેન ગણપતભાઈ પટેલ (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૫૫૮/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ધીરૂજી નટવર ઠાકોર (ઉ.વ.૪૦) મુ. જેઠીપુરા, તા.જી. ગાંધીનગર